# ગુજરાતના રાજ્યપાલની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્ય સેવા સમિતિનો ૩૦મો વાર્ષિકોત્સવ યોજાયો



અમદાવાદ, તા. ૩

અમદાવાદના ટાગોર હોલ ખાતે ગુજરાત રાજ્ય સેવા સમિતિનાં ૩૦માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે યોજાયેલ ભવ્ય સંમેલન ગુજરાતના મહામહિમ શ્રી ઓ. પી. કોહલીજીની અધ્યક્ષતામાં યોજાયુ હતું.

આ પ્રસંગે ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને સાંસદ પરસોત્તમ રૂપાલા, ગુજરાત સરકારના ગૃહરાજ્ય મંત્રી રજનીકાંતભાઈ પટેલ, પૂર્વ કૃષિમંત્રી દિલીપભાઈ સંઘાણી, એલિસબ્રિજ વિધાનસભાના ધારાસભ્ય રાકેશભાઈ શાહ, ઔડાના ચેરમેન ભુપેન્દ્રભાઈ પટેલ, અમદાવાદ શહેરના મેયર ગૌત્તમભાઈ શાહ અને શાયોના ગ્રુપના ચેરમેન સુરેશભાઈ પટેલ સહિતના આગેવાનોનું સ્વાગત ગુજરાત રાજ્ય સેવા સમિતિના આદ્યસ્થાપક અને પ્રમુખ સુરેન્દ્રસિંહ રાજપૂત, ઉપપ્રમુખ સ્વપ્રિલસિંહ રાજપૂત સહિત સંસ્થાના અન્ય હોદ્દેદારો દ્વારા પુષ્પગુચ્છ, મોમેન્ટો અને શાલ ઓઢાડી કરાયું હતું.

આ કાર્યક્રમમાં મહામહિમ રાજ્યપાલ ઓ. પી. કોહલીજીએ ગુજરાત રાજ્ય સેવા સમિતિ દ્વારા થઈ રહેલ કાર્યની ભારોભાર પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે આવી સમાજ સેવી સંસ્થા સરકાર અને જરૂરિયાતમંદો વચ્ચે કડીરૂપ બની છે. તે જાણી ગર્વનો અનુભવ થયો અને આ ૩૦ વર્ષથી ચાલતી સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે અને પ્રજાજનોને સરકાર દ્વારા જાહેર થયેલ યોજનાઓનો લાભ અપાવવા કાર્ય કરતી રહે તેવી મારી શુભેચ્છાઓ છે.

સાંસદ પરષોત્તમજી રૂપાલાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય સેવા સમિતિ સંસ્થા જેવી કાર્ય કરતી સંસ્થાઓના કાર્યક્રમમાં અચૂક હાજરી આપીશ.

ગુજરાત રાજ્ય સેવા સમિતિ દ્વારા કાર્યક્રમ દરમ્યાન કેન્દ્ર સરકારની સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, સ્ટેન્ડ-અપ ઈન્ડિયા, સ્કીલ્ડ ઈન્ડિયા અને ડિજિટલ ઈન્ડિયા વગેરે વિષે વધુમાં વધુ જાણકારી મળે એ માટે સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરાઈ હતી.

# અરવલ્લી કલેક્ટરનો આદેશ છતાં દબાણો હટાવવા ચીફ ઓફિસરના ઠાગા ઠૈયા

બાયડ, તા. ૪

મોડાસાના ડીપ વિસ્તારથી ગોપીકુંજ સોસાયટી તરફના માર્ગ પર જીલ્લા કલેક્ટર દ્વારા ડીમોર્કેશન કરાવ્યા છતાં ગેરકાયદેસર બાંધકામો થઈ રહ્યા છે. છતાં તંત્ર કુંભકર્ણની માફક ઉંઘી રહી છે તેવું આ ગેરકાયદેસર દબાણોથી નજરે પડે છે. ચીફ ઓફિસર અગ્રવાલ કેમ જિલ્લા કલેક્ટરના આદેશ કેમ નથી માનતા ?

મોડાસાના ડીપ વિસ્તારમાં સિદ્ધિ વિનાયક મંદિરથી ગોપી કુંજ સોસાયટી સુધીના ડીપ રોડ પર ગેરકાયદેસર દબાણોના મુદ્દે મંજુર થયેલ ડામર રોડનું કામ સ્થગિત કરાયું હતું. ડીપ રોડના દબાણો હટાવવા પાલિકાના મુખ્ય અધિકારી દ્વારા સરકારી ખર્ચે ડીમોકેશન માંગણી કરતાં પૂર્વ જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ દ્વારા અધિકારીઓની ટીમ બનાવી ડીમોકેશન કરાવાયું હતુ અને દબાણો પોલીસ બંદોબસ્ત સાથે દૂર કરવા કલેક્ટરે આદેશ કર્યો હતો. પણ આજે દોઢ વર્ષ ઉપર થતાં છતાં પાલિકા અને ચીફ ઓફિસિર દ્વારા કેમ દબાણો દૂર કરવામાં નથી આવ્યા. શું તંત્ર ગેરકાયદેસર દબાણખોર પાસેથી પૈસા પડાવ્યા છે કે શું ?

## ડીમોકેશન કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો છે

ચીફ ઓફિસરે જણાવવાનું કે ડીપી રોડનું ડીમોકેશનની કામગીરી માટે નગરપાલિકા દ્વારા ઠરાવ કરવામાં આવ્યો છે. તે ડીમોર્કેશન કરવાનું કામ પ્રાઈવેટ એજન્સી દ્વારા કરવામાં આવશે ?

જિલ્લા કલેક્ટર આદેશને ઘોળ કરી ચીફ ઓફિસર પી ગયા છે કે શું ? જિલ્લા ડી.આઈ.એલ.આર. નગર નિયોજક સહિત છ અધિકારીઓની ટીમે સિદ્ધિવિનાયક મંદિર સુધીના ૧૮ મીટરના માર્ગ ઉપર અને પારસ ટુ સોસાયટીના માર્ગ પર થયેલા દબાણોને તાળવી ડીમોકેશન કરાયું હતું. પરંતુ છેલ્લા કેટલાક સમયથી દબાણખોરો દ્વારા રોડ ઉપર દબાણો ખડકી દેતા પ્રજાજનોને આવવા જવામાં પણ અગવડતા થાય છે. તેમ છતાં નગરપાલિકા કેમ દબાણો હટાવતી નથી ? મોડાસા-શામળાજી રોડ ડીપથી ગોપીકુંજ સોસાયટી સુધી રોડ હોવા છતાં ૧૦ મીટર કેવી રીતે થઈ ગયો ? શું દબાણખોરોનું દબાણ તોડી પાડશે ? જિલ્લા કલેક્ટર દ્વારા સ્વાગત ફરીયાદ નિરાકરણ વે વખત તોડવા આદેશ અપાવ્યા તેમ છતાં દબાણો કેમ ન તુટ્યા ? નગરપાલિકા દ્વારા ડિમોર્કેશનની કામગીરી પુર્ણ કરવા તા. ૯-૭-૨૦૧૫ના રોજ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારને મોડાસા નગર સેવા સદનના ચીફ ઓફિસર દ્વારા ડીમોકેશન તા. ૨૧-૭-૨૦૧૫ સુધીમાં માપણી કરી અરજદારને પરીપત્ર મોકલ્યો હોવા છતાં ફરીથી તા. ૯-૭-૧૬ આવી તેમ છતાં હજુ દબાણો દૂર ન થયા.




## મેઘરજમાં ગટરના કામથી ઠેર ઠેર ભુવા પડ્યા, સરકારી બસો ફસાઈ

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં વિકાસના નામે ચોમાસા ટાણે જ ગટર લાઈનનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું ત્યારે આ કામથી ગટરના ખાડામાં પુરતા પ્રમાણમાં માટી ન નાખતાં મેઘરજ નગરમાં વરસાદના પાણીથી ઠેર ઠેર ભુવા પડ્યા હતા તેથી સરકારી બસો તેમજ અન્ય મોટા વાહનો આ ભુવામાં ફસાતા મેઘરજમાં ઠેર ઠેર ટ્રાફિકના દશ્યો સર્જાયા હતા.

# વડગામના વેપારીનું અપહરણ અને લૂંટનો ભેદ ઉકેલાયો

પાલનપુર, તા. ૪

કેટલાક સમયથી બનાસકાંઠા જિલ્લામાં ચીલઝડપ, લૂંટફાટ અને ચોરી કરનારા તત્વોમાં પોલીસનો કોઈ ભય ન હોય તેમ બનાવોમાં વધારો થવા પામ્યો હતો. ત્યારે બનાસકાંઠા જિલ્લાના એલસીબી અને પાલનપુર તાલુકા પોલીસની ટીમે વડગામના પાંચડા નજીક સોની વેપારીનું અપહરણ કરી રૂ. ૬.૪૨ લાખની લૂંટનો ભેદ ઉકેલ્યો છે. જેમાં કાણોદર લૂંટમાં ઝડપાયેલા આરોપીઓની પુછતાછ દરમિયાન લૂંટનું પગેરૂ મળતા વધુ બે આરોપીઓની અટકાયત કરવામાં આવી છે.

બનાસકાંઠા એલસીબી પોલીસ દ્વારા ત્રણ આરોપી પાલનપુરનો મહમદ તાહિત મહંમદ રફીક સૈયદ, ઈકબાલભાઈ અબ્બાસભાઈ ચૌહાણ અને બીલાલભાઈ ઈબ્રાહિમભાઈ મનસુરીની ૨૯ જૂનના રોજ અટકાયત કરી હતી. જેમણે કાણોદર પાસે પોલરા મેડીકલ એજન્સીના માલીક પાસેથી લૂંટનો ગુનો કબુલ્યો હતો. દરમિયાન રિમાન્ડ મેળવી વધુ પુછપરછ કરતાં વડગામના પાંચડા ખાતે ૨૩ મે ૨૦૧૬ના રોજ લાલ કલરની ગાડીમાં રમેશભાઈ બાબુલાલ સોનીનું શેરપુર-સેંભર ખાતેથી અપહરણ કરી રૂ. ૬.૪૨ લાખની લૂંટ કરી હોવાની પણ કબુલાત કરી હતી. દરમિયાન ગુનામાં વધુ બે આરોપીઓ માસ્ટર માઈન્ડ ઝેરડાનો સંજયકુમાર ભેમજીભાઈ સોની અને ચાંગાનો મહારાજ ઉર્ફે સમીર રશીદભાઈ સુણસરાને રવિવારે ટવેરા ગાડી સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. હાલમાં પોલીસે તમામ આરોપીઓને ઝડપીને વધુ તપાસ હાથ ધરી છે.

# ભિલોડામાં ઠાકોર સેના દ્વારા ભાથીજી સ્પે. બીડી બંધ કરાવવા આવેદનપત્ર આપ્યુ

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના ધ્વારા ભિલોડા મામલતદાર કચેરીમાં



નાયબ મામલતદાર રમણભાઈ વણકરને આવેદનપત્ર અપાયું હતું. ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ મગનભાઈ ઠાકોર, મંત્રી સાંકાભાઈ ઠાકોર, પીયુષભાઈ ઠાકોર,કાંતીભાઈ ઠાકોર, નાથાભાઈ ઠાકોર, ગણપતભાઈ ઠાકોર, મુકેશભાઈ ઠાકોર, કરણભાઈ ઠાકોર, ચિરાગભાઈ ઠાકોર, નરેશભાઈ ઠાકોર સહિત અગ્રણી આગેવાનો, કાર્યકરોએ જણાવ્યું હતું કે ક્ષત્રિય ઠાકોર સમાજની લાગણી દુભાવી ઠાકોર સમાજને અપમાનીત કરવા સંદર્ભે ક્ષત્રિય ઠાકોર સમાજ અને વીર ભાથીજી મહારાજના નામે બીડી બનાવી અને બીડીના પેકેટ ઉપર ક્ષત્રિય વીર મહારાજનો ફોટા મુંકવામાં આવેલ છે. ક્ષત્રિય ઠાકોર સમાજના વીર ભાથીજી મહારાજ પુજનીય છે. ક્ષત્રિય ઠાકોર સમાજની ધાર્મિક લાગણી દુભાવી ઠાકોર સમાજ અને વીર ભાથીજી મહારાજનું અપમાન કરાયું હોય તેમ ઠાકોર સમાજની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવાનું કામ ખેડા જીલ્લાના વણસોલી ગામની વી.આર. ટ્રેડીંગ નામની કંપની ધ્વારા ભાથીજી સ્પે. બીડી નં.૧૧ ધ્વારા અપમાન થઈ રહ્યું છે.

ગુજરાત રાજયમાં ક્ષત્રિય ઠાકોર સેના ધ્વારા ઠેર-ઠેર વ્યસનમુક્તિ અભિયાન ચાલી રહ્યું છે ત્યારે વી.આર. ટ્રેડીંગ કંપની ધ્વારા ઠાકોર સમાજના પુજનીય દેવતાના નામે અને સિમ્બોલવાળી બીડી માર્કેટમાં મુંકવામાં આવી છે ત્યારે ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણીઓએ જણાવ્યું હતું કે બીડી બનાવતી કંપનીનું લાયસન્સ સત્વરે રદ કરવામાં આવે અને માર્કેટમાં વેચવા મુકેલ બીડીના માલને પરત ખેંચવામાં આવે તેવી ક્ષત્રિય ઠાકોર સમાજની પ્રબળ લોકમાંગણી છે. ક્ષત્રિય ઠાકોર સમાજના અગ્રણી હોદેદારોએ જણાવ્યું હતું કે સત્વરે યોગ્ય ન્યાય નહીં મળે તો જલદ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# આંબેડકરનગર પ્રાથમિક શાળાના ઉપશિક્ષકની બદલીના મામલે વાલીઓમાં ઉગ્ર રોષ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના નવા ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ આંબેડકર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ઉપશિક્ષકની બદલીના મામલે વાલીઓ તથા ગ્રામજનોએ શુક્રવારે આંબેડકર પ્રાથમિક શાળાની તાળાબંધી કરી દેતા તાલુકા કેળવણી નિરીક્ષક સહિતના અધિકારીઓ શાળામાં આવી પહોંચ્યા હતા. જોકે ઉપશિક્ષકની બદલી રોકવા માટે શિક્ષણાધિકારી દ્વારા યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણા આપવામાં આવતા શૈક્ષણિક કામ પુનઃ શરૂ થયુ હતું.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકાના નવા ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી આંબેડકર પ્રાથમિક શાળામાં ઉપશિક્ષક તરીકે વનિતાબેન નાયી ફરજ બજાવતા હતા. વનિતાબેન સુંદરગઢ પ્રાથમિક શાળામાં ખૂબ જ સુંદર રીતે શાળામાં અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓને પ્રેમ, હૂંફ આપીને અભ્યાસ કરાવતા હતા. જેથી વાલીઓ તથા વિદ્યાર્થીઓમાં ઉપશિક્ષક વનિતાબેન નાયીની કામગીરીથી સંતોષ અનુભવતા હતા. પરંતુ તાજેતરમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત બાદ અચાનક આંબેડકર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ઉપશિક્ષક વનિતાબેન નાયીને પુનઃ વડાલી ખાતે આવેલી પ્રાથમિક શાળામાં કામગીરી કરવા માટે બદલી કરવામાં આવી છે. જયારે ખાસ કિસ્સામાં જિલ્લાફેર બદલીમાંથી આવેલા દેવાંગીબેન કિરીટભાઈ પટેલની નિમણુક કરવામાં આવી છે. જેમની નિમણુક બાદ શાળામાં હાજર થતા જ વાલીઓએ વનિતાબેન નાયીને આંબેડકર પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કાર્યની કામગીરી ચાલુ રાખવાની માગણી કરવામાં આવી હતી અને આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમક્ષ પણ લેખિત અને મૌખિક રજુઆત કરી હતી. પરંતુ કોઈ યોગ્ય પરિણામ ન મળતા સોમવારે ગામના આગેવાન કરશનભાઈ મકવાણા, ગોવાભાઈ મકવાણા સહિતના અગ્રણીઓ આંબેડકર પ્રાથમિક શાળામાં આવી પહોંચ્યા હતા અને ઉપશિક્ષક વનિતાબેન નાયીની બદલી મોકૂફ રાખવાની માગણી કરી શાળાને તાળાબંધી કરી દીધી હતી. જે અંગેની જાણ થતા જ તાલુકા કેળવણી નિરીક્ષક સુરેશભાઈ પટેલ સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા અને ઉપશિક્ષક વનિતાબેન નાયીની બદલી અંગે જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ રજુઆત કરવાની હૈયાધારણા આપવામાં આવી હતી. ત્યારબાદ ગ્રામજનો સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આંબેડકર પ્રાથમિક શાળામાં તાળાબંધી દૂર કરી શૈક્ષણિક કામગીરી શરૂ કરવામાં આવી હતી.

# પાલનપુરનો હિન્દુ યુવાન બન્યો કોમી એકતાનું પ્રતિક

## છેલ્લા ૧૪ વર્ષથી મોદી યુવાન રાખી રહ્યો છે રોઝા

પાલનપુર, તા. ૪

દેશની સાંપ્રત પરિસ્થિતિમાં વોટબેંકની રાજનીતિના પાપે વિવિધ જાતિ-ધર્મ અને સંપ્રદાય વચ્ચે નફરતના બી રોપાઈ રહ્યા છે. ત્યારે



સરહદી બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરનો મોદી યુવાન રમઝાન માસમાં રોઝા રાખી કોમી એકતાની મિશાલ પુરવાર થઈ રહ્યો છે.

જી હા.., આજે વોટબેંકની રાજનીતિને કારણે દેશમાં ધાર્મિક કટ્ટરવાદ વચ્ચે વૈમનસ્યભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે પાલનપુરનો હિન્દુ યુવાન 'અનેકતામાં એકતા-ભારતની વિશેષતા'નો પરિચય કરાવી રહ્યો છે. પાલનપુરનો મનોજકુમાર બાબુલાલ મોદી નામનો યુવાન છેલ્લા ૧૪ વર્ષથી મુસ્લિમ સમાજના રમઝાન માસ દરમિયાન રોઝા રાખી ખુદાની ઈબાદત કરી રહ્યો છે. શહેરના ત્રણ બત્તી બહાદુર ગંજ વિસ્તારમાં રહેતો મોદી યુવાન 'ઈશ્વર-અલ્લાહ તેરો નામ, સબ કો સમ્મતિ દે ભગવાન'ની પ્રાર્થના સાથે રામ-રહીમનાગુણલાં ગાઈ રહ્યો છે.

'મજહબ નહી સીખાતા આપસમે બેર રખના'ના નારા સાથે પાલનપુરનો મોદી યુવાન હિન્દુ-મુસ્લિમ સમાજમાં કોમી એકતા અને ભાઈચારાનો સંદેશો ફેલાવી રહ્યો છે.

જો કે, કોમી એકતા અને સદભાવનાનો ઢોલ પીટતા દંભી રાજકીય પક્ષો, સંસ્થાઓ કે બિન સાંપ્રદાયિકતાનો અંચળો ઓઢીને ફરતા પ્રબુદ્ધ નાગરીકો સામે પાલનપુરનો મોદી યુવાન એક નવો રાહ ચીંધી રહ્યો છે.

આમ, પાલનપુરનો હિન્દુ યુવાન સમાજમાં સદભાવના અને ભાઈચારાનો સંદેશો ફેલાવી કોમી એકતાનું પ્રતિક બન્યો છે.

# ડભોડા ખાતે કાનૂની શિક્ષણ અને બાળ સુરક્ષા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૪

તાલુકાના ડભોડા સ્થિત શ્રી એમ.એચ. વિદ્યામંદિરના પટાંગણમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ તથા જિલ્લા બાળ સુરક્ષા એકમના સંયુક્ત ઉપક્રમે બાળકોના અધિકારો અને બાળ સુરક્ષા અંગે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર જિલ્લા કાનૂની સેવામંડળના પેરાલીગલ વોલન્ટર્સ સુધીરભાઈ દેસાઈ, સીતારામભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, ગાયત્રીબેન ઉપાધ્યાય, નટુભાઈ પટેલ, રામભાઈ પરમાર, જયરામભાઈ સોની અને મણીભાઈ સોલંકી હાજર રહી બાળકોને કાનૂની શિક્ષણ અંગેની સમજૂતી આપી હતી. આ શિબિરનું આયોજન રાજુભાઈ ગજ્જરે કર્યુ હતુ. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય અશોકભાઈ મોદીએ આભાર વ્યક્ત કર્યો હતો.



# ક્રેડાઈના સભ્યો રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજનને મળ્યા

## હાઉસિંગ ક્ષેત્રને ધિરાણ પ્રવાહ વધારવા માટેની બ્લુપ્રિન્ટ સુપ્રત કરી

કોન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ઝઇઈક્રુછૈં)નું એક પ્રતિનિધિ મંડળ રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજનને આવાસ ધિરાણ ઉપલબ્ધ કરવાની પ્રક્રિયા ગતિશીલ બનાવવાની વિગતવાર બ્લુપ્રિન્ટ રજૂ કરવા માટે મળ્યું હતું. આ પ્રયાસ દ્વારા લાંબે ગાળે સોના માટે આવાસનું ધ્યેય હાંસલ કરવામાં સહાયરૂપ થવાનો સંસ્થાનો ઈરાદો છે. આ પ્રતિનિધિમંડળના ભાગ તરીકે જક્ષય શાહ, પ્રેસીડેન્ટ-ઈલેક્ટ, ક્રેડાઈ, જેએલએલ ઈન્ડિયાના ચેરમેન અને કન્ટ્રી હેડ, અનુજ પૂરી તથા પ્રેસ્ટીજ ગ્રુપના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર ઈરફાન રઝાક તથા અન્યનો સમાવેશ થયો હતો. આ બેઠકમાં ખુબ જ ખુલ્લા મને ઉપયોગી ચર્ચા થઈ હતી.

## વ્યાપક ફેરફારો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

યાત્રા પર જઇ રહ્યા છે. આ અગાઉ કેબિનેટમાં ફેરફાર કરવામાં આવનાર છે. ગયા સપ્તાહમાં જ મોદીએ અમિત શાહ સાથે વાતચીત કરી હતી. એમ કહેવામાં આવે છે કે બન્ને નેતાઓ વચ્ચે ચાર કલાક સુધી વાતચીત ચાલી હતી. આ બેઠકમાં કેબિનેટમાં ફેરફારની સાથે સાથે ભાજપ સંગઠનમાં ફેરફારના મુદ્દે પણ વાતચીત કરવામાં આવી હતી. હવે તમામ બાબતો સ્પષ્ટ કરવામાં આવી ચુકી છે. હાલમાં પાર્ટી અને સરકારમાં જે ફેરફાર થશે તે વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી સુધી રહેશે. આ ટીમનાં કામના આધાર પર ભાજપ આગામી લોકસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરશે. સૂત્રોનું કહેવું છે કે કેબિનેટમાં નવા ચહેરાને સામેલ કરવાને લઈને ભાજપમાં મૂલ્યાંકનની કામગીરી મોટાપાયે કરવામાં આવી છે. ગયા સપ્તાહમાં જ મોદીએ પાંચ કલાકથી વધુ સમય સુધી વાતચીત યોજી હતી. મીટીંગમાં આ બાબતની સમીક્ષા કરવામાં આવી હતી કે જે વિભાગોમાં જેટલું બજેટ આપવામાં આવ્યું છે તેનો ઉપયોગ કરવામાં આવી ચુક્યો છે. વડાપ્રધાને પોતાના પ્રધાનોને કામકાજને લઈને સૂચના આપી દીધી છે.

## સાતમીએ સુનાવણી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો.અરજીદારે કહ્યું છે કે દેશભરમાં જુદી જુદી સંસ્થાઓને એક સમાન રીતે ગણવામાં આવે તે જરૂરી છે. કેન્દ્ર સરકારે વટહુકમ જારી કરતા કહ્યું હતું કે એક વર્ષ સુધી નીટને મોકૂફ રાખવામાં આવે તેમ અમે આગળ વધી રહ્યા છીએ. ત્યારબાદ સમગ્ર દેશમાં એકસમાન વ્યવસ્થા અમલી કરવામાં આવશે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે ઉતાવળમાં નિર્ણય કરવામાં આવ્યો હતો. ૨૭મી મેના દિવસે સુપ્રિમ કોર્ટે નીટ ઉપર સ્ટે મુકવાનો ઈનકાર કરી દીધો હતો. જે રાજ્યોમાં આમાંથી મુક્તિ આપવામાં આવી છે તેમાં તમિળનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબનો સમાવેશ થાય છે. સીબીએસઈ ૨૪મી જુલાઈના દિવસે નીટ અથવા તો નેશનલ ઈલીજીબિલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટનો બીજો તબક્કો લેનાર છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા આ મામલામાં તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે. સીબીએસઈ બે તબક્કામાં નીટ લેનાર છે.

**આ નામ એકજ છે.**

ચૌધરી કર્મવીર સતીષભાઈ

-: અને:-

પટેલ કર્મવીર સતીષભાઈ

-: સરનામું :-

સ્વામિનારાયણ સોસાયટી, બાયડ, જી.અરવલ્લી